

# ROSHNI

Reaching Out to Serve Humanity with New Initiatives

## અમારા વિષે :

પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન 2003થી અમદાવાદના વંચિત વર્ગના વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો / વ્યક્તિઓ સાથે કાર્ય કરે છે અને તેમની સામે આવતા માનસિક અને શારીરિક પડકારોને દુર કરવા તેમને તૈયાર કરે છે. અહી સંસ્થા સેન્ટર, સમુદાય આધારિત પુનર્વસન અને એડવોકસી દ્વારા નેટવર્કીંગ જેવા માધ્યમોથી વિવિધ પ્રવૃતિઓ કરે છે. એક બાળકથી શરૂઆત થયેલ આ સફરમાં આજે અમદાવાદમાં વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા 3000થી વધુ વ્યક્તિઓ તેમજ તેમના પરિવારો અને સમુદાય સહભાગી બનેલ છે.

**જે રીતે દિવાળીનો તહેવાર આપણા જીવનમાં ઉજાસ લઇ આવે છે. એમ દરેક વ્યક્તિને સન્માન સાથે સ્વીકારી ખરા અર્થમાં દરેકના જીવનમાં અજવાળું પાથરીએ. આવનારું વર્ષ નવી આશા, કરુણા અને બધા માટે સમાવિષ્ટ વિશ્વનું નિર્માણ કરવા માટે સામૂહિક શક્તિ લાવે.**

**પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન તરફથી દિવાળી અને ગુજરાતી નવા વર્ષની ખૂબ ખૂબ શુભેચ્છાઓ ....**

**October 2025 | Issue No. 71 | A monthly newsletter**

## સદાબની સફર ધીરજ અને સ્થિરતા વિકાસ માટેની ચાવી





૨૩ વર્ષની ઉંમરે, સૈયદ સદાબ બદરુઝ માનખાનની વાર્તા ધીરજ અને મક્કમતાની વાત આપણને સમજાવી જાય છે. બૌદ્ધિક વિકલાંગતા સાથે જન્મેલા, સદાબ માટે અને તેના પરિવાર બંને માટે પડકારજનક રહ્યો હતો. માહિતીના અભાવને લીધે સદાબના વિકાસની ગતિ પર નકારત્મક અસર રહી હતી. વધુમાં શાળામાં પ્રવેશ ન મળવાની અસ્વીકૃતિ એ પણ તેમની મુશ્કેલીમાં ઉમેરો કર્યો. પ્રભાત સંસ્થા વિષે તેમને માહિતી મળતા સદાબની એક વિકાસની સફર ની શરૂઆત કરવામાં આવી. સાદાબની સ્થિતિને ધ્યાનમાં રાખીને વ્યક્તિગત વિકાસ માટે આયોજન પ્રભાત ટીમ દ્વારા કરવામાં આવ્યું.જેના પરિણામે ધીરે ધીરે સદાબ ખીલવા લાગ્યો, પ્રવૃત્તિઓમાં ભાગ લેવા લાગ્યો, મિત્રો બનાવવા લાગ્યો અને બાગકામ અને વર્ગકામ જેવા નાના કાર્યોને લીધે તેના આત્મવિશ્વાસમાં વધારો થવા લાગ્યો.

જો કે, COVID-19 લોકડાઉન દરમિયાન સદાબની વિકાસની ગતિ ને બ્રેક લાગી ગઈ. પ્રભાત પર આવીને થતી તેની પ્રવૃતિઓ બંદ થઇ ગઈ. તેની દિનચર્યા હવે બદલાઈ ગઈ. જેને પરિણામે તે એકલતા અનુભવવા લાગ્યો સાથે જે શીખ્યું હતું તે પણ ભૂલવા લાગ્યો. એવામાં તે કાનમાં પથ્થરના નાના ટુકડા, મેમરી કાર્ડના કટકા નાખી દેવા અને પોતાના વાળ ખેંચીને તોડી નાખવાની જેવી કુટેવ પડી ગઈ.

બૌદ્ધિક વિકલાંગતા ધરાવતા બાળકો માટે થેરાપી અને સ્પેશ્યલ એજ્યુકેશનની નિરંતરતા ખુબ જ જરૂરી છે. કોઈ પણ કારણસર અગર તેમના વિરામ આવે છે તો તેની નકારાત્મક અસર બાળક પર ક્યારેક પડતી હોય છે.

COVID-19 બાદ, પ્રભાત સેન્ટર ફરી ખુલતા જ આશાની કિરણ બંધાઈ. સદાબ ફરી પ્રભાતના આંગણે આવ્યો. વિશ્વાસ સાથે અપાર ધીરજ અને મક્કમતાથી તેની સફરની શરૂઆત કરવામાં આવી. આજે, સદાબ ફરી એકવાર આગળ વધી રહ્યો છે. વોકેશનલ તાલીમમાં તે જોડાયો છે. કાગળની થેલીઓ બનાવવા જેવી પ્રવૃતિઓ થી શીખી રહ્યો છે, જે તેને આત્મવિશ્વાસ અને સ્વતંત્રતા આપી રહી છે. એમઆર કીટ અને અન્ય સરકારી યોજનાઓ પણ તેના વિકાસની ગતિને વધુ મજબુત બનાવી રહ્યું છે. આમ, ફરી જીવનની લય પાછી મેળવી રહ્યો છે. ધીરજ અને સ્થિરતા સાથે તેની વિકાસની ગતિ એ ફરી નવી આશાને જન્મ આપ્યો છે.

**તૈયાર કરનાર : જીગીશા બેન બારિઆ**

## કાર્યક્રમની ઝલક

**સમાવેશી આંગણવાડીની પ્રક્રિયા અન્વયે બાળકોની સ્ક્રીનીંગ પ્રક્રિયાની ઝુંબેશની અપડેટ**




આંગણવાડી સ્ક્રીનીંગ ઝુંબેશ ની પ્રક્રિયા આયોજન મુજબ થઇ રહી છે. જેમાં આંગણવાડીમાં આવતા દરેક બાળકોનું સ્ક્રીનીંગ થઇ રહ્યું છે. વાલી પણ બાળકોની સાથે થઇ રહેલી પ્રક્રિયામાં ઉત્સાહ સાથે જોડાય છે. તેઓ પોતાના બાળકોની શારીરિક અને માનસિક સ્થિતિને લઈને અવગત થઇ રહ્યા છે. આ પ્રક્રિયાથી આગળ બાળકને અગર કોઈ પણ પ્રકારની થેરાપી કે સારવારની જરૂર છે તેનો ખ્યાલ આવશે. આ સ્ક્રીનીંગ દરમ્યાન સ્પીચમાં મુશ્કેલી, દ્રષ્ટિને લઈએ મુશ્કેલીએ કુપોષણ જેવા ક્ષતિઓની ઓળખ થઇ છે.

---

**અસેસમેન્ટ** : પ્રભાતની અતિ મહત્વની પ્રક્રિયા બાળકોનું અસેસમેન્ટ ફરી આ મહીને પણ કરવામાં આવ્યું. બાકી રહેલ 18 બાળકોનું સાઈકોલોજી અને 31 બાળકોનું સ્પીચ અસેસમેન્ટ અનુક્રમે ડૉ. માલવ અને ડૉ. કિલ્લોલ દ્વાર કરવામાં આવ્યું.

---

**મુખ્ય ધારાની સફરમાં કાંકરિયા રિસોર્સ સેન્ટર પર બાળકોની વિકાસની ગતિ** : ધોરણ ૩ થી ૪ ના બાળકોએ કાંકરિયા ગુજરાતી શાળા નંબર ૪ ના પ્રભાત દ્વારા ચાલતા રિસોર્સ રૂમના બાળકો એ પ્રથમ સત્રાંતની પરીક્ષા પૂર્ણ કરી હતી. જેમાં વાલીઓ અને શિક્ષકો બંને નો ખુબ જ સહયોગ અને ઉત્સાહ જોવા મળ્યો હતો. આ ક્ષણો હમેશા પ્રભાત માટે ગર્વ અને ઉર્જા આપનારી હોય છે.

## એડવોકસી (હિમાયત )

### નેટવર્કિંગ :



**એસ. એન્ડ પી ગ્લોબલ સાથે મજબુત જોડાણ** : આ મહિને, S&P ગ્લોબલ સાથે બાળકોની સાથેની આત્મીયતાથી વધીને તેમના માટે ઉજ્જવળ ભવિષ્ય માટે ની બારી ખુલી છે.

પ્રથમ ઇવેન્ટ કે જે દિવાળી પહેલા આયોજિત હતી તેમાં S&P ગ્લોબલ ટીમના સભ્યો અને પ્રભાતના બાળકો સાથે મોજ મસ્તી સાથે કાર્ય કર્યું. વાર્તાને કહેવી, ક્રાફ્ટની પ્રવૃત્તિ સાથે નોન ફાયર કુકિંગ કરવામાં આવી. આ દરેક પ્રવૃત્તિમાં સર્જનાત્મકતાની સાથે એક બીજાની નીકટતા ઉભરીને બહાર આવી. કોઈ બાળપણની યાદોમાં ખોવાઈ ગયું તો કોઈ સાડી પહેરવાથી લઈને શેરીમાં ખાતા ચણા જોરના ચટાકેદાર સ્વાદનો અનુભવ કર્યો.



બીજી ઇવેન્ટમાં ભાઈપુરા સેન્ટર ખાતે કમ્પ્યુટર લેબનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું. આ લેબ માં કંપનીએ 45 અધતન ટેકનોલોજી સજ્જ લેપટોપની ભેટ આપવામાં આવી.આ અમદાવાદમાં REACH પીપલ રિસોર્સ ગ્રુપ દ્વારા શરૂ કરવામાં આવેલ એક પ્રોજેક્ટ છે. જેમાં S&P ગ્લોબલના એક વૈશ્વિક પ્રતિનિધિ મંડળનું આયોજન કર્યું હતું, જેમાં કિમ્બર્લી રોરિસન (વરિષ્ઠ ડિરેક્ટર, ગ્લોબલ પીપલ પાર્ટનર્સ), થોમ્પસન એબરલાઇન (ડેટા એક્સેલન્સ એન્ડ પાર્ટનશિપ્સના વડા), અને મેલિસા લેલેઝિયો (ઓપરેશન્સ એન્ડ પ્રોગ્રામ મેનેજમેન્ટના વડા) ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રભાત માટે નવી પહેલ છે. પ્રભાતના બાળકો માટે તેનો ઉપયોગ અને શિક્ષણ સંબંધિત ચોક્કસ વ્યૂહરચના ઘડવામાં આવશે. નવી પહેલ સાથે પડકાર અને રોમાંચકતાનું મિશ્રણ પ્રતિસાદ પ્રભાત તરફથી છે. નવી શીખવાની પદ્ધતિઓ શીખવા અને ભવિષ્યમાં ડિજિટલ વિશ્વ સાથે જોડાવા માટે આ એક મજબુત પાયો બની રહેશે.

---



**ચાઇલ્ડ રાઇટ્સ કલેક્ટિવ ગુજરાત (CRCG) દ્વારા આયોજિત રાજ્ય સ્તરીય કાર્યશાળા** : CRCG દ્વારા આયોજિત રાજ્ય સ્તરીય કાર્યશાળા માં પ્રભાત ટીમ સહભાગી બન્યા હતા. જેમાં NACG-EVAC (બાળકો સામે હિંસાને નાબૂદ કરવા માટે રાષ્ટ્રીય કાર્યકારી અને સંકલન જૂથ), જે દક્ષિણ એશિયામાં બાળકોના રક્ષણને સુનિશ્ચિત કરવા માટે કાર્યરત સાર્ક-માન્ય પ્લેટફોર્મ છે. તેમના દ્વારા ગુજરાત માટે આ કાર્યશાળામાં રાજ્ય સ્તરીય થીમેટિક લીડરની પસંદગી કરવાનો ઉદેશ્ય હતો. જેમાં વિકલાંગતા એ દરેક થીમમાં સમાવિષ્ટ રહેશે તેવી વાત કરવામાં આવી હતી. પ્રભાતનું નામ આ ક્રોસ કટિંગ થીમ લીડર તરીકે પસંદ કરવામાં આવ્યું હતું. ભવિષ્યમાં ચોક્કસ વિકલાંગતાના વિષયને વીઝીબીલીટી માટે પહેલ કરવાનો અવસર મળશે.

---



**બડી ઈન્ટરેકશન : મૂલ્યવર્ધક પેઢી માટે વધુ એક ડગલું** : આ મહિને ગિફ્ટ સિટીની જમનાબાઈ નરસી શાળાના ૧૧મા ધોરણના ૫૫ વિદ્યાર્થીઓ પ્રભાતના મહેમાન બન્યા હતા. વિદ્યાર્થીઓએ કલા, હસ્તકલા, વાર્તા કહેવા અને રંગોળી બનાવવાના સર્જનાત્મક સત્રોમાં ભાગ લીધો અને પ્રભાતના બાળકો સાથે તેમની પોતાની અનોખી રીતે મુક્તપણે વાર્તાલાપ કર્યો. પ્રભાતે આ પહેલા બાળકો સાથે કયા પ્રકારની પ્રવૃતિઓ કરાવવી તેનું ચિંતન કર્યું હતું.

જેમાં વાર્તાઓને વિવિધ અભિવ્યક્તિ દ્વારા રજુ કરવાની હતી. જેમાં વિદ્યાર્થીઓ અને પ્રભાતના બાળકોનું તાલમેલ બની શકે અને બંનેને શીખવી શકાય. આ ધ્યાનમાં રાખીને જ સર્જનાત્મક પ્રવૃતિઓ તૈયાર કરવમાં આવી. આ પ્રક્રિયાથી પ્રભાત ના શિક્ષકોને દરેક સમયે નવું શીખવા માટે વાતાવરણ મળતું હોય છે.

સમગ્ર ઇવેન્ટ દરમ્યાન જબરદસ્ત સર્જનાત્મકતા, ધીરજ અને સમાવેશી વિચારને દર્શાવવામાં આવી, જેનાથી મુલાકાતી શિક્ષકો પણ પ્રભાવિત થયા હતા. આ અનુભવથી જાણવા મળ્યું કે નિખાલસતા અને વિશ્વાસ સાચા સાથી જોડાણ અને ખુશીને એકસાથે પ્રોત્સાહન આપી શકે છે.

---

**સંશોધન : ઉર્જાની પહુચ અને ઉપયોગીતાના સંશોધનના બીજા તબક્કાના અપડેટ**






ઇલેક્ટ્રિક રસોઈ માટેના ઉપકરણની પહુચને લઈને બીજા તબક્કાના અભ્યાસ કે જે ડૉ. અમિતા ભક્તા અને યુકે એઇડ-ફંડેડ MECS પ્રોગ્રામ સાથે ભાગીદારીમાં શરુ થયું છે, આ એક્શન રીસર્ચ છે. જેમાં પ્રથમ તબક્કામાં થયેલ ૨૦ સહભાગીદારો સાથે જ કરવામાં આવશે. જેમાં ઇલેક્ટ્રિક રસોઈ ઉપકરણોનું સહ-ડિઝાઇનિંગ અને પરીક્ષણ સમાવિષ્ટ છે. રસોઈના આ સાધનોની ઉપયોગિતા, સલામતી અને પોષણક્ષમતા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. સંશોધનની શરૂઆત કાર્યશાળા સાથે કરવામાં આવી. જેમાં સહભાગીઓએ ઉત્સાહ અને ઉર્જા સાથે આ અભ્યાસ માટે સહમતી દર્શાવી હતી. સાથે તેમણે પોતાના રસોડાને ચિત્ર દ્વારા દર્શાવ્યું હતું. ત્યારબાદ, ઇલેક્ટ્રિક ઉપકરણોનું નિદર્શન પણ કરવામાં આવ્યું હતું. આ કાર્યશાળામાં તેમની સ્થિતિ અને જરૂરિયાતને ધ્યાનમાં રાખીને સાધનની પસંદગી કરવામાં આવી હતી. ત્યારબાદ, જે સહભાગી કાર્યશાળામાં હાજર રહી શકેલ ન હતા તેમની હોમ વિઝીટ દ્વારા સમગ્ર પ્રક્રિયાને ઓપ આપવામાં આવ્યો. આ પ્રક્રિયા બાદ, સાધનો આપવા અને ટેસ્ટીંગ પીરીયડ શરુ થશે. આગળ આ અભ્યાસ રોમાંચક બનશે જેમાં કિચન મોડિફિકેશનથી લઈને તેમની તાલીમનો સમાવેશ થશે. આપને તેની દરેક અપડેટ આપતા રહીશું.

**પ્રભાતના સમાવેશી સમુદાયની વિચારધારાને વધુ લોકો સુધી પહોંચાડવાની શરૂઆત** : પ્રભાત સંસ્થાની સમુદાય આધારિત સમાવેશી સમુદાયની સફરની વાતને તાજેતરમાં પોડકાસ્ટ, વેરાયટી વિથ વિશ્વમના પોડકાસ્ટ પર સંસ્થા ડાયરેક્ટર શ્રી કેશવ ચેટર્જી સાથેની ગોષ્ઠી ને સાંભળી શકશો આ સમાવેશી સમુદાયની વિચારધારાની પહેલમાં દરેકને ઉમળકા સાથે મીઠો આવકાર છે. પ્રભાત માને છે કે, વિવિધતા જ પ્રક્રિયાઓને વધારે ટકાઉ અને મજબુત બનાવે છે. વિડીયો જુઓ : उम्मीद का उजाला Lighting The Hope | In Conversation with Keshav Chatterjee on Variety with Vishwam

## ઘરોબો

**આંખ તપાસ માટે કેમ્પ** : તેરા પંથ પ્રોફેશનલ ફોરમ સાથે આ મહીને પણ સંકલન કરીને કેમ્પનું આયોજન કરી વધુ વાલી, સમુદાયને સેવા મળી રહે તેવા પ્રયાસો કરવામાં આવ્યા છે. આ મહિને બચુભાઈના કૂવા પાસે એબી વિદ્યાલયમાં બીજો આંખ તપાસ કેમ્પ યોજાઈ ગયો જેમાં 65 લોકોની આંખોની તપાસ કરી, અને 39 લોકોને તાત્કાલિક વાંચન ચશ્મા આપવામાં આવ્યા. આમ, સમુદાય સાથે સતત ભિન્ન ભિન્ન રીતે વિવિધ સેવાઓ આપીને તેમની આરોગ્ય, આજીવિકા અને માનસિક સુખાકારી માટે પ્રયાસો કરવામાં આવે છે.





**તહેવારોની ઉજવણીમાં બમણો ઉત્સાહ** : સમુદાય સાથે તહેવારોની શુભેચ્છા મુલાકાત હમેશા પોતાનાપણાની અનુભૂતિ કરાવે છે. પ્રભાતના ડાયરેક્ટર શ્રી અને ટીમના પ્રતિનિધિ દ્વારા દિવાળી અને ગુજરાતી નવા વર્ષની શુભકામના માટે પરિવારોની મુલાકાત લેવામાં આવી. આ પ્રકારની મુલાકાતો હમેશા સમુદાય સાથે વધારે ઘરોબો મજબુત કરે છે. અને પારિવારિક ભાવના જન્માવે છે.

## સહાય

લ્વે પાસ માટેના ફોર્મ -02, સ્ટેટ ટ્રાન્સપોર્ટ માટેના ઓનલાઈન પાસના ફોર્મ -04, ભરવામાં આવ્યા. તથા મોટરાઈઝડ ટ્રાઇસીકલ માટે 44 ઓનલાઈન ફોર્મ ભરવામાં આવ્યાં.

**Prabhat Education Foundation**
325, Iscon Emporio,
Satellite, Ahmedabad,
Gujarat 380015

**Phone:** +91-79-4890-305
**Email:** prabhat@prabhatedu.org
**Website:** www.prabhateducationfoundation.org